સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS


WEEK 21

MAY 2024
19-05-24 To 25-05-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા












સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**19 MAY-2024**


- Exercise Shakti : ભારત - ફ્રાન્સ ..... 02
- વિશ્વનું પ્રથમ 6G ઉપકરણ જાપાનમાં લોન્ચ થયું ..... 02
- વેનેઝુએલા તમામ હિમનદીઓ ગુમાવનાર પ્રથમ દેશ ..... 04
- QUESTION ANSWERS ..... 05


**20 MAY-2024**


- દિવસ મહિમા : 20 મે, વિશ્વ મધમાખી દિવસ (World Bee Day), વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day) ..... 06
- ભારતીય મસાલા બોર્ડ (Indian Spice Board) ..... 06
- World Wildlife Crime Report 2024 ..... 07
- નોબેલ પુરસ્કાર વિજેતા લેખક સુશ્રી એલિસ મુનરોનું નિધન ..... 10
- QUESTION ANSWERS ..... 11


**21 MAY-2024**


- દિવસ મહિમા : 21 મે, આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day), આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day), સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ ..... 12
- AK-203 રાઈફલ ..... 12
- ઈરાનના રાષ્ટ્રપતિનું નિધન ..... 14
- QUESTION ANSWERS ..... 15


**22 MAY-2024**


- દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity) ..... 16
- યુનાઈટેડ નેશન્સ ફોરમ ઓન ફોરેસ્ટ્સ (UNFF)નું 19મું સત્ર ..... 16
- ઈટાલિયન ઓપન 2024 ..... 17
- QUESTION ANSWERS ..... 19


**23 MAY-2024**


- દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day) ..... 20
- 'નાફેડ'ના ચેરમેનની ચૂંટણીમાં શ્રી જેઠાભાઈ ભરવાડ બિનહરિફ ..... 20
- ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ 2024 ..... 20
- શુક્ર ગ્રહ ..... 22
- QUESTION ANSWERS ..... 23


**24 MAY-2024**


- સર્વાઈકલ કેન્સર (Cervical Cancer) ..... 24
- હમાસના નેતાઓ અને ઈઝરાયેલના વડાપ્રધાન સામે ધરપકડનો વોરંટ ..... 24
- RBI કેન્દ્ર સરકારને રૂ.2.11 લાખ કરોડનું ડિવિડન્ડ ચૂકવશે ..... 26
- QUESTION ANSWERS ..... 28


**25 MAY-2024**


- દિવસ મહિમા : 25 મે, વશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day), ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 29
- આયર્લેન્ડ, નોર્વે અને સ્પેન પેલેસ્ટાઈનને માન્યતા આપશે ..... 29
- ભારતમાં 4000થી વધુ ગંગા ડોલ્ફિન ..... 30
- QUESTION ANSWERS ..... 31

ONE LINER ..... 32

QUESTION OF THIS WEEK ..... 35


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Exercise Shakti : ભારત - ફ્રાન્સ

ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત સૈન્ય કવાયત 'શક્તિ'ની 7મી આવૃત્તિ મેઘાલયના ઉમરોઈ ખાતે શરૂ થઈ હતી.




- જે વ્યૂહાત્મક ક્ષમતાઓને વધારવામાં એક મહત્ત્વપૂર્ણ સહયોગને ચિન્હિત કરે છે.
- કવાયત શક્તિ ભારત અને ફ્રાન્સમાં વૈકલ્પિક રીતે આયોજિત દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે.
- આ અગાઉની આવૃત્તિ નવેમ્બર, 2021માં ફ્રાન્સમાં યોજાઈ હતી.
- આ કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર આદેશના પ્રકરણ VII હેઠળ પેટા–પરંપરાગત પરિદૃશ્યમાં મલ્ટિ–ડોમેન કામગીરી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાને વધારવાનો છે.
- આ સંયુક્ત કવાયત અર્ધ–શહેરી અને પર્વતીય વિસ્તારોમાં કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- જ્યારે વ્યૂહાત્મક કવાયતમાં આતંકવાદી કાર્યવાહીનો પ્રતિસાદ, સંયુક્ત કમાન્ડ પોસ્ટ્સ અને ગુપ્તચર તથા દેખરેખ કેન્દ્રોની સ્થાપના, તૈયારી અને સંકલન પર ભાર મૂકવાનો સમાવેશ થાય છે.
- આ કવાયતમાં 90 કર્મચારીઓની બનેલી ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે રાજપુત રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવ્યું છે.

## વિશ્વનું પ્રથમ 6G ઉપકરણ જાપાનમાં લોન્ચ થયું

તાજેતરમાં એક જાપાનીઝ કન્સોર્ટિયમે વિશ્વના પ્રથમ હાઈ–સ્પીડ 6G ઉપકરણ તરીકે ઓળખાતા પ્રોટોટાઈપનું અનાવરણ કર્યું છે, જે વીજળીની ઝડપે ડેટા ટ્રાન્સફર દરની ખાતરી આપે છે.

- આ ઉપકરણ વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તે 100 ગીગાબિટ પ્રતિ સેકન્ડની ઝડપે 330 ફૂટથી વધુના અંતરે ડેટા ટ્રાન્સમિટ કરી શકે છે, જે હાલના 5G પ્રોફેસર કરતા 20 ગણો વધારે છે.
- મળતી માહિતી મુજબ જાપાન દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ઉપકરણને કેટલીક કંપનીએ ભાગીદારી હેઠળ બનાવ્યું છે, તેમાં Docomo, NTT કોર્પોરેશન, NEC કોર્પોરેશન અને Fujitsuના નામ સામેલ છે.
- જોકે 6G હજુ વિકાસના તબક્કામાં છે અને વ્યવસાયિક ઉપયોગ માટે તૈયાર નથી, તેની પ્રભાવશાળી ગતિ હોવા છતા નેટવર્ક ટેક્નોલોજી અંતર્ગત ખામીઓ છે.
- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માર્ચ 2023માં ભારતના 6G પ્રોજેક્ટનું અનાવરણ કર્યુ હતું. જે ભારતમાં આગામી પેઢીમાં ટેક્નોલોજી માટે કેન્દ્રિત પહેલની કલ્પના કરે છે.

# 6G ટેક્નોલોજી




6G એ છઠ્ઠી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે. 1G, 2G, 3G, 4G અને 5G નેટવર્ક પછી તે નવું વૈશ્વિક સ્ટાન્ડર્ડ છે.

- તે 5G નેટવર્ક્સ કરતા ઉચ્ચ ફ્રિકવન્સીઝનો ઉપયોગ કરી શકશે અને નોંધપાત્ર રીતે વધુ ક્ષમતા અને ઝડપ પ્રદાન કરી શકશે.
- માઈક્રોસેકન્ડ–લેટન્સી કોમ્યુનિકેશન્સ માટે સપોર્ટ એ 6G ઈન્ટરનેટના ધ્યેયોમાંથી એક હશે.
- તે ફ્રિકવન્સીઝના હાલમાં ન વપરાયેલ ટેરાહર્ટ્ઝ બેન્ડનો ઉપયોગ કરશે.
- ટેરાહર્ટ્ઝ તરંગો ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ પર ઈન્ફ્રારેડ તરંગો અને માઈક્રોવેવ્સ વચ્ચે સ્થિત છે.
- આ તરંગો ખૂબ જ ટૂંકા અને નાજૂક હોય છે, પરંતુ તેમાં સૌથી વધુ મુક્ત સ્પેક્ટ્રમ હોય છે, જે પ્રભાવશાળી ડેટા રેટ માટે પરવાનગી આપે છે.

## પ્રથમ પેઢીથી પાંચમી પેઢી સુધીની ઉત્ક્રાંતિ

| પેઢી | વિશેષતા |
|---|---|
| 1G | – 1G 1980ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– તે એનાલોગ રેડિયો સિગ્નલ પર કામ કરતું હતું અને માત્ર વોઈસ કોલ્સને સપોર્ટ કરતું હતું. |
| 2G | – 2G 1990ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– જે ડિજિટલ રેડિયો સિગ્નલનો ઉપયોગ કરે છે અને 64 kbps ની બેન્ડવિડ્થ સાથે વોઈસ અને ડેટા ટ્રાન્સમિશન બંનેને સપોર્ટ કરે છે. |
| 3G | – 3Gને 2000ના દાયકામાં 1mbpsની ઝડપ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. અને તે ડિજિટલ વોઈસ, વીડિયો કોલ્સ અને કોન્ફરન્સિંગ સહિત ટેલિફોન સિગ્નલ ટ્રાન્સમીટ કરવાની ક્ષમતા ધરાવે છે. |
| 4G | – તેને વર્ષ 2009/2010માં 100mbps થી 1gpbsની 'પીક સ્પીડ' સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું અને તે 3D વર્ચ્યુઅલ રિયાલિટીને પણ સક્ષમ કરે છે. |
| 5G | – તેને ઓક્ટોબર 2022માં લોન્ચ કરવામાં આવ્યું હતું. 5G એ 4G નેટવર્ક કરતા 10 ગણી વધુ ઝડપી ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. 28 GHzની ઘણી ઊંચી રેડિયો ફ્રીકવન્સીનો ઉપયોગ કરે છે. તે ઓછી વિક્ષેપ સાથે વધુ ઝડપ ધરાવે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વેનેઝુએલા તમામ હિમનદીઓ ગુમાવનાર પ્રથમ દેશ

દક્ષિણ અમેરિકાના ઉત્તરીય કિનારે આવેલો વેનેઝુએલા દેશ તેની તમામ હિમનદીઓ ગુમાવનાર વૈશ્વિક સ્તરે પ્રથમ દેશ બન્યો છે.

- જે એક કરૂણ પર્યાવરણીય સીમાચિન્હ્રૂપ ઘટના ચિન્હિત કરે છે.
- 2011 સુધીમાં વેનેઝુએલાના પાંચ ગ્લેશિયર્સ અદશ્ય થઈ ગયા હતા, સિએરા નેવડા નેશનલ પાર્કમાં માત્ર હમ્બોલ્ટ ગ્લેશિયર જ રહ્યું હતું.
- અનેક પ્રયત્નો છતા આ ગ્લેશિયર જેને લા કોરોના તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સમય જતા નોંધપાત્ર રીતે ઘટ્યું હતું.
- નિષ્ણાતો જણાવે છે કે આબોહવા પરિવર્તન અને અલ નીનો ઘટનાની અસરો, જે ઊંચા તાપમાનને કારણે છે તે હમ્બોલ્ટને ઝડપથી ઓગળવા માટે જવાબદાર છે.
- વિશ્વભરમાં ગ્લેશિયર્સ ખૂબ જ ઝડપથી પીગળી રહ્યા છે. એવું લાગે છે કે ઈન્ડોનેશિયા, મેક્સિકો અને સ્લોવેનિયા તેમના ગ્લેશિયર્સ ગુમાવનારા આગામી દેશો હશે.
- અતિશય તાપમાન અને સુકા સ્પેલને કારણે વિશ્વ હવામાન સંસ્થાએ જણાવ્યું છે કે એશિયાના ઊંચા પર્વતીય વિસ્તારોમાં બરફનો જંગી જથ્થો ખોવાઈ રહ્યો છે.

નોંધ : (1) ગ્લેશિયર એ સ્ફટિકીય બરફ, બરફ, ખડક, કાંપ અને પાણીનો વિશાળ બારમાસી સંચય છે જે જમીન પર ઉદ્ભવે છે અને તેના પોતાના વજન અને ગુરુત્વાકર્ષણના પ્રભાવ હેઠળ ઢોળાવ નીચે ખસે છે.

(2) ગ્લેશિયર્સ એવા સ્થળોએ બનવાનું શરૂ કરે છે જ્યાં દર વર્ષે પીગળવા કરતા વધુ બરફનો ઢગલો થાય છે. પડ્યા પછી તરત જ બરફ સંકુચિત થવા લાગે છે, અથવા વધુ ગાઢ અને ચુસ્તપણે ભરાઈ જાય છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'Exercise Shakti'ની 7મી આવૃત્તિ મેઘાલયના ઉમરોઈ ખાતે યોજાઈ હતી ?

(A) ફ્રાન્સ (B) જાપાન (C) ઈન્ડોનેશિયા (D) અમેરિકા — (A)

2. તાજેતરમાં કયા દેશે વિશ્વના પ્રથમ 6G ઉપકરણનું અનાવરણ કર્યું છે ?

(A) ચીન (B) જાપાન (C) દ.કોરિયા (D) તાઈવાન — (B)

3. કયો દેશ તેની તમામ હિમ નદીઓ ગુમાવનાર વૈશ્વિક સ્તરે પ્રથમ દેશ બન્યો છે ?

(A) આર્જેન્ટિના (B) ઈન્ડોનેશિયા (C) બ્રાઝિલ (D) વેનેઝુએલા — (D)




## દિવસ મહિમા : 20 મે, (1) વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)
## (2) વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)

### વિશ્વ મધમાખી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 મે ના રોજ 'વિશ્વ મધમાખી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મધમાખીઓ અને પરાગ રજકોના મહત્ત્વ, ટકાઉ વિકાસ અને તેમના સંરક્ષણમાં તેમનું યોગદાન વિશે જાગૃતિ લાવવાનો છે.
- 18મી સદીમાં મધમાખી ઉચ્છેરની તકનીકીની શરૂઆત કરનાર શ્રી એન્ટોન જનસાના જન્મ દિવસ નિમિત્તે 20 મે ને 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2024ના વિશ્વ મધમાખી દિવસની થીમ 'Bee Engaged with Youth' છે.

## ભારતીય મસાલા બોર્ડ (Indian Spice Board)

તાજેતરમાં ભારતના મસાલા બોર્ડે આંતરરાષ્ટ્રીય ખાદ્ય ધોરણોની સંસ્થા 'CODEX' સાથે મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ (ETO)ના ઉપયોગને મર્યાદિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### ભારતીય મસાલા બોર્ડ વિશે

તે મસાલા બોર્ડ અધિનિયમ, 1986 હેઠળ 26 ફેબ્રુઆરી, 1987ના રોજ રચાયેલી વૈધાનિક સંસ્થા છે.

- તેની સ્થાપના અગાઉના ઈલાઈચી બોર્ડ (1968) અને મસાલા નિકાસ પ્રમોશન કાઉન્સિલ (1960)ના વિલીનીકરણ સાથે કરવામાં આવી હતી.
- તે ભારતીય મસાલાના વિકાસ અને વિશ્વવ્યાપી પ્રચાર માટે મુખ્ય સંસ્થા છે.




- તે 52 સુનિશ્ચિત મસાલા અને એલચી ઉત્પાદનના નિકાસ પ્રોત્સાહન માટે જવાબદાર છે.
- આ બોર્ડ ભારતીય નિકાસકારો અને વિદેશી આયાતકારો વચ્ચે આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે કામ કરે છે.
- તેનું મુખ્ય મથક કેરળના કોચી ખાતે આવેલું છે.

## ઈથિલિન ઓક્સાઈડ (ETO) વિશે

ઈથિલિન ઓક્સાઈડ (ETO) એક રંગહીન વાયુ અથવા પ્રવાહી છે, જેમાં થોડી મીઠી ગંધ હોય છે.

- તે મસાલામાં એન્ટિસેપ્ટિક તરીકે વપરાતું રસાયણ છે.
- પરંતુ જો ચોક્કસ મર્યાદાથી વધુ ઉપયોગ કરવામાં આવે તો તે કાર્સિનોજેનિક (કેન્સરજનક) માનવામાં આવે છે.

નોંધ : (1) ભારતે કોડેક્સ કમિટી સમક્ષ ETOના ઉપયોગને મર્યાદિત કરવાની જરૂરિયાત અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે કારણ કે વિવિધ દેશોમાં ETO ઉપયોગની મર્યાદા અલગ છે.

(2) મસાલા બોર્ડે ETO દૂષણને રોકવા અને તમામ બજારોની સલામતી સુનિશ્ચિત કરવા માટે નિકાસકારોની માર્ગદર્શિકા જાહેર કરી હતી.

(3) ભારત વિશ્વનો સૌથી મોટો મસાલા ઉત્પાદક દેશ છે. તે મસાલાનો સૌથી મોટો ઉપભોક્તા અને નિકાસકાર પણ છે.

## World Wildlife Crime Report 2024

યુએન ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC)એ તાજેતરમાં 'વિશ્વ વન્યજીવ અપરાધ રિપોર્ટ 2024' (World Wildlife Crime Report 2024) નામનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ 2015 અને 2021 વચ્ચે થયેલા ગેરકાયદેસર વન્યપ્રાણી વેપારની આંતરદષ્ટિ પ્રદાન કરે છે.
- વર્લ્ડ વાઈલ્ડલાઈફ ક્રાઈમ રિપોર્ટ 2024 એ 2020 અને 2016ના પ્રકાશનો પછીની શ્રેણીમાં ત્રીજો અહેવાલ છે.



## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

ગેંડાના શિંગડા–ગેરકાયદે પશુઓના વેપારમાં તે સૌથી વધુ હિસ્સો ધરાવે છે (29%), ત્યારબાદ પેંગોલિન ભીંગડા (28%) અને હાથિદાત (15%) છે.

- ગેંડા (પ્રાણી) અને દેવદાર (છોડ) - 2015 અને 2021ની વચ્ચે વૈશ્વિક સ્તરે ગેરકાયદેસર વન્યપ્રાણી વેપારથી સૌથી વધુ અસરગ્રસ્ત છે.
- અન્ય ગેરકાયદે વેપારી પ્રાણીઓની પ્રજાતિઓમાં ઈલ (5%), મગર (5%), પોપટ અને કોકાટુ (2%), માંસાહારી જાનવર, કાચબા, સાપ અને દરિયાઈ ઘોડાઓ છે.
- મોટા ગેરકાયદે વેપારી છોડ–દેવધાર અને મહોગની, હોલી ટ્રી વૂડ્સ અને અન્ય સેપિન્ડેલ્સ જેમ કે ગ્વાકામોલનો 47% હિસ્સો સાથે સૌથી મોટો બજાર હિસ્સો છે, ત્યારબાદ 35% હિસ્સા સાથે રોઝવુડ અને 13% હિસ્સા સાથે અગરવુડ અને અન્ય મર્ટલ્સ છે.

## વેપારમાં વસ્તુઓ (Commodities in Trade)

પરવાળાના ટુકડા સૌથી સામાન્ય રીતે જોવા મળતી વસ્તુઓ હતી અને 2015-2016 દરમિયાન તમામ હુમલાઓમાં 16%નો સમાવેશ થાય છે, જીવંત નમુનાઓ 15%, જ્યારે પ્રાણી ઉત્પાદનોમાંથી બનેલી દવાઓની પુનઃપ્રાપ્તિ 10% હતી.

## ભ્રષ્ટાચાર અને ટેક્નોલોજીની ભૂમિકા

ભ્રષ્ટાચાર એ નિયમન અને અમલીકરણને નબળું પાડે છે જ્યારે ટેક્નોલોજી વૈશ્વિક બજારો સુધી પહોંચવાની તસ્કરોની ક્ષમતાને વેગ આપે છે.

## સ્ત્રોત રાષ્ટ્રોમાં જવા માટે અસ્થિ પ્રક્રિયા

આ અહેવાલ મુજબ હાડકાની પ્રક્રિયા ગંતવ્ય દેશો (દૂર પૂર્વ)માં થતી હતી, પરંતુ હવે ખંડો (આફ્રિકા, લેટિન અમેરિકા, એશિયા)માંથી હાડકાની પ્રક્રિયા શક્ય છે, જેની નજીક તેનું ઉત્પાદન થતું હોય છે.

- આ ચિંતાજનક છે કારણ કે પ્રક્રિયા કર્યા પછી તેમની દાણચોરી કરવી સરળ હશે, જેમ કે હાડકાને પેસ્ટમાં પ્રક્રિયા કરીને, અને તે સ્પષ્ટ થશે નહીં કે તે નિકાસ, સ્થાનિક ઉપયોગ અથવા બંને માટે બનાવાયેલ છે.
- અહેવાલમાં વાઘના હાડકાને સિંહ અને જગુઆરના હાડકા સાથે બદલવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, જે પરંપરાગત ચાઈનીઝ દાવાઓમાં ખૂબ મૂલ્યવાન છે.

નોંધ : (1) 2024માં UNODCએ SDG લક્ષ્ય 15.7 પર પ્રગતિને ટ્રેક કરવા માટે એક નવું સૂચક રજૂ કર્યું હતું, જેનો હેતુ ગેરકાયદેસર વન્યજીવની હેરફેરને રોકવાનો છે.

(2) ડ્રગ્સ અને અપરાધ પર યુનાઈટેડ નેશન્સ ઓફિસની સ્થાપના 1997માં કરવામાં આવી હતી અને તેને 2002માં યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC) તરીકે નામ આપવામાં આવ્યું હતું.

## વાઈલ્ડલાઈફ ક્રાઈમ માટે પ્રેરક પરિબળો



### લાંચ અને ભ્રષ્ટાચાર

પાર્થિવ વન્યજીવ ગુનાઓ, માછીમારી અને લાકડામાં ભ્રષ્ટાચાર મુખ્ય પ્રેરક છે.

- તે શિકાર, પરિવહન અને ઉત્પાદન વેચાણ સહિત સપ્લાય ચેઈનના દરેક પગલા પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓની સુવિધા આપે છે.

### પૈસાની અવૈધ હેરાફેરી

વન્યજીવ અપરાધ આકર્ષક છે, પ્રમાણમાં ઓછા જોખમ સાથે મોટા નફાની સંભાવનાને કારણે સંગઠિત અપરાધ જૂથોને આકર્ષે છે.

- ગેંડાના શિંગડા અને હાથી દાંત જેવા વન્યજીવન ઉત્પાદનોની ઊંચી કિંમતો નોંધપાત્ર ગેરકાયદે નાણાકીય પ્રવાહ સૂચવે છે જે તેમના ગેરકાયદેસર મૂળને છુપાવવા માટે લોન્ડરિંગ કરી શકાય છે.

### મર્યાદિત નાણાકીય તપાસ

ઘણા દેશો વન્યજીવ અપરાધ સાથે જોડાયેલા ગુનાની આવક અથવા સંભવિત મની લોન્ડરિંગ ગુનાઓને ઓળખવા માટે નાણાકીય તપાસ કરતા નથી.

- ઉદાહરણ તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ એવા કેટલાક દેશોમાંથી એક છે, જે નાણાકીય તપાસ કરે છે.

### કાયદાકીય માળખામાં તફાવત

વિશ્વભરમાં તપાસકર્તાઓને જે મુખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે છે વિવિધ દેશોમાં જંગલી પ્રાણીઓની કાનૂની સ્થિતિમાં તફાવત.

- જ્યારે એક દેશમાં સંરક્ષિત પ્રાણીનો વેપાર CITES હેઠળ પ્રતિબંધિત નથી, ત્યારે તેને 'કેપ્ટિવ–નસ્લ' તરીકે વેચી શકાય છે જેથી ઊભી થતી કોઈપણ કાનૂની લડાઈ ટાળી શકાય.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પર્યાવરણ પર વન્યજીવન વેપારની અસર

વન્યજીવનનો વેપાર કુદરતી રહેઠાણો અને મૂળ પ્રજાતિઓની વસતીના અધોગતિ તરફ દોરી જાય છે.

- જે વસ્તીમાં ઘટાડો અને લુપ્ત થવાના જોખમો તરફ દોરી જાય છે.
- ઈકોસિસ્ટમના કાર્ય માટે પ્રજાતિઓની વિવિધતા મહત્ત્વપૂર્ણ છે.
- વન્યજીવનનું વધુ પડતું શોષણ લાંબા ગાળાની ઈકોલોજીકલ સમસ્યાઓ જેમ કે લિંગ–ગુણોત્તર અસંતુલન અને ધીમા પ્રજનન દર તરફ દોરી શકે છે.
- હેરફેરથી વસતીમાં ઘટાડો પ્રજાતિઓની પરસ્પર નિર્ભરતા અને આવશ્યક પર્યાવરણીય કાર્યો જેમ કે ફૂડ ચેઈન અને ફૂડ વેબને ખલેલ પહોંચાડી શકે છે.
- ગેરકાયદેસર વન્યજીવન વેપાર બિન–મૂળ પ્રજાતિઓને નવા વાતાવરણમાં દાખલ કરવામાં ફાળો આપી શકે છે, જે સંભવિતપણે આક્રમક પ્રજાતિઓ તરફ દોરી જાય છે જે મૂળ ઈકોસિસ્ટમ અને કુદરતી સંસાધનોને નુકસાન પહોંચાડે છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા લેખક સુશ્રી એલિસ મુનરોનું નિધન

પ્રસિદ્ધ કેનેડિયન લેખક અને સાહિત્યમાં નોબેલ પારિતોષિક વિજેતા સુશ્રી એલિસ મુનરોનું 92 વર્ષની વયે નિધન થયું છે.



- સુશ્રી એલિસ મુનરોનો જન્મ 10 જુલાઈ, 1931ના રોજ કેનેડામાં વિંગહામ ઓન્ટારિયોમાં થયો હતો.
- તેઓ કેનેડિયન ટૂંકી વાર્તાઓના લેખક હતા.
- એવું કહેવાય છે કે ટૂંકી વાર્તાના આર્કિટેક્ચરમાં તેમણે ક્રાંતિ લાવી છે, ખાસ કરીને સમય જતા આગળ અને પાછળ જવાની વૃત્તિમાં અને સંકલિત લઘુ સાહિત્ય ચક્ર સાથે.
- વર્ષ 2013માં તેમને સાહિત્યમાં નોબેલ પુરસ્કાર મળ્યો હતો.
- આ ઉપરાંત તેમણે 2009માં મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ અને ગીલર પ્રાઈઝ–કેનેડાનો સૌથી હાઈ–પ્રોફાઈલ સાહિત્યિક પુરસ્કાર પણ બે વાર જીત્યો હતો.
- તેમણે ટૂંકી વાર્તાઓની રચનામાં અસાધારણ કૌશલ્ય માટે વિશ્વભરમાં ઓળખ મેળવી છે.
- તેની વાર્તાઓમાં પ્રેમ, ઈચ્છા, અસંતોષ, વૃદ્ધાવસ્થા અને નૈતિક દુવિધાઓ સહિત માનવીય અનુભવોની શ્રેણીની શોધ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ મધમાખી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(C)**

2. ‘વિશ્વ માપ વિજ્ઞાન દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે **(C)**

3. તાજેતરમાં ‘ભારતીય મસાલા બોર્ડ’ (Indian Spice Board) સમાચારમાં હતું. આ બોર્ડ સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તે મસાલા બોર્ડ અધિનિયમ, 1986 હેઠળ 26 ફેબ્રુઆરી, 1987ના રોજ રચાયેલી વૈધાનિક સંસ્થા છે.
2. તે ભારતીય મસાલાના વિકાસ અને વિશ્વવ્યાપી પ્રચાર માટે મુખ્ય સંસ્થા છે.
3. તેનું મુખ્ય મથક હરિયાણાના ગુરુગ્રામ ખાતે આવેલું છે.
4. ભારતમાં કુલ 107 જાતના સુનિશ્ચિત થયેલ મસાલાઓનું સંચાલન કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

4. તાજેતરમાં 'World Wildlife Crime Report 2024' પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, આ રિપોર્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. યુએન ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC)એ આ રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો.
2. ગેંડા (પ્રાણી) અને દેવદાર (છોડ)-2015 અને 2021ની વચ્ચે વૈશ્વિક સ્તરે ગેરકાયદેસર વન્યપ્રાણી વેપારથી સૌથી વધુ અસરગ્રસ્ત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

5. તાજેતરમાં સુશ્રી એલિસ મુનરોનું નિધન થયું છે, તેમને વર્ષ 2013માં કયા ક્ષેત્રે નોબેલ પુરસ્કાર મળ્યો હતો ?

(A) મેડિસિન (B) સાહિત્ય (C) ભૌતિકશાસ્ત્ર (D) અર્થશાસ્ત્ર **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 મે, (1) આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day)
## (2) આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)
## (3) સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ

### આતંકવાદ વિરોધી દિન

ભારતમાં દર વર્ષે 21 મે ના રોજ 'આતંકવાદ અથવા તો ત્રાસવાદ વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 21 મે, 1991ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની તમિલનાડુના શ્રી પેરુમ્બુદુર ખાતે હત્યા કરવામાં આવી હતી.
- આથી, આ ઘટનાને કારણે આતંકવાદના વિરોધમાં ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત શ્રી વી.પી. સિંહની સરકારે આતંકવાદના વિરોધમાં જાગૃતિ લાવવા માટે ભારતમાં 21 મે ના રોજ 'આતંકવાદ વિરોધી દિન'ની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### આંતરરાષ્ટ્રીય ચા દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 21 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2020થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ વખત 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 21 ડિસેમ્બર, 2019ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

## AK-203 રાઈફલ

તાજેતરમાં રશિયાએ ભારતીય સેનાને 27,000 રશિયન AK-203 એસોલ્ટ રાઈફલનું પ્રથમ કન્સાઈનમેન્ટ સોંપ્યું હતું.

- ભારત અને રશિયાએ <u>વર્ષ 2021</u>માં ઉત્તરપ્રદેશના <u>અમેઠી જિલ્લામાં</u> <u>કોરવા ઓર્ડનન્સ ફેક્ટરી</u> દ્વારા 6 લાખથી વધુ AK-203 એસોલ્ટ રાઈફલ્સની ખરીદી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- માત્ર 2 વર્ષમાં <u>70% સ્થાનિક ઉત્પાદન સુધી</u> પહોંચવાના લક્ષ્ય સાથે ભારત સ્થાનિક સ્તરે AK-203 રાઈફલ્સનું વધુને વધુ ઉત્પાદન કરી રહ્યું છે. હાલમાં રાઈફલના લગભગ <u>25%</u> ભાગો સ્થાનિક રીતે બનાવવામાં આવે છે.
- એવો અંદાજ છે કે બે ત્રણ વર્ષમાં <u>100% સ્થાનિકીકરણ</u> સાથે રાઈફલ્સનું મોટા પાયે ઉત્પાદન કરવામાં આવશે.

## The Indo-Russia Rifles Pvt Ltd

ભારતમાં રશિયાની મદદથી આ <u>AK-203 રાઈફલ</u> બનાવવામાં આવી રહી છે.

- આ માટે ભારત અને રશિયા દ્વારા એક <u>Joint Venture (સંયુક્ત સાહસ)</u>ની રચના કરવામાં આવી છે.
- આ જોઈન્ટ વેન્ચરને '<u>The Indo-Russia Rifles Pvt Ltd</u>' નામ આપવામાં આવ્યું છે.

## ઉત્પાદન અને વિતરણ

<u>ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ ઓફ ઈન્ડિયા</u>, <u>કલાશ્નિકોવ કન્સર્ન અને રોસોબોરોનેક્સપોર્ટ</u> (રોસ્ટેક સ્ટેટ કોર્પોરેશનની બંને કંપનીઓ) વચ્ચે ઈન્ડો–રશિયા પ્રાઈવેટ લિમિટેડના ભાગરૂપે છ લાખથી વધુ રાઈફલ્સનું ઉત્પાદન થવાનું છે.



- આ સંદર્ભમાં ડિસેમ્બર 2021માં ભારત અને રશિયા વચ્ચે 5,124 કરોડ રૂપિયાના સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- કલાશ્નિકોવ AK 203ને '<u>કલાશ્નિકોવ ઈન્ડિયા</u>' બ્રાન્ડ હેઠળ વિકસાવવામાં આવી રહી છે.
- આ સંયુક્ત સાહસ ઈન્ડો–રશિયન પ્રાઈવેટ લિમિટેડ ભારત સરકારની '<u>મેક ઈન ઈન્ડિયા</u>' પહેલને અનુરૂપ ભારતમાં AK 203 રાઈફલના ઉત્પાદનનું 100% સ્થાનીકીકરણ સુનિશ્ચિત કરવાની યોજના ધરાવે છે.

## AK - 203 Assault Rifleની વિશેષતા

AK-203 Assault Rifle એ રશિયાની <u>Kalashnikov Assault Rifle</u> સિરીઝની સૌથી લેટેસ્ટ રાઈફલ છે.

- AK 203 Assault Rifleને AK-47 Rifleની નવીનતમ અને સૌથી અદ્યતન આવૃત્તિ માનવામાં આવે છે.
- તે AK-100 રાઈફલ ક્લાસનું <u>7.62×39mm વર્ઝન</u> છે.

- આ વર્ઝન ઈન્ડિયન સ્મોલ આર્મ્સ સિસ્ટમ (INSAS) 5.56×45mm એસોલ્ટ રાઈફલને બદલે તેવી અપેક્ષા છે. જેનો ઉપયોગ હાલમાં આર્મી, નેવી અને એરફોર્સ ઉપરાંત અન્ય સુરક્ષા દળો દ્વારા કરવામાં આવે છે.
- આ રાઈફલનું વજન 3.8 કિલો હશે આથી તેના ઉપયોગમાં સરળતા રહેશે.
- તેમની ફાઈરિંગ રેન્જ 800 મીટર જેટલી છે તથા પર મિનિટ 700 રાઉન્ડ ફાયર કરી શકે છે.

**નોંધ :** (1) આ સિરીઝના અગાઉના મોડલમાં AK-47, AK-74, AK-56, AK-100ની સિરીઝ, AK 201 અને AK-202નો સમાવેશ થાય છે.

(2) 3 માર્ચ, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતે AK 203 Assault Rifleના કારખાનાનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

## ઈરાનના રાષ્ટ્રપતિનું નિધન

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસી અને વિદેશમંત્રી હોસૈન અમીરાબ્દુલ્લાહિયનનું હેલિકોપ્ટર અકસ્માતમાં નિધન થયું છે.



- ઈરાનના રાષ્ટ્રપતિ સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓના દુઃખદ અવસાનના પગલે ભારત સરકારે 21 મે, 2024ના રોજ સમગ્ર દેશમાં એક દિવસનો રાજ્ય શોક જાહેર કર્યો હતો.
- નોંધનીય છે કે ગૃહ મંત્રાલય દ્વારા પૂરી પાડવામાં આવેલ ચોક્કસ માર્ગદર્શિકા હેઠળ ભારતમાં રાજ્ય શોક મનાવવામાં આવે છે.
- આ દિશાનિર્દેશો ભારતના ફ્લેગ કોડ, 2002 તરીકે ઓળખાતા નિયમો અને સંમેલનોના વ્યાપક સમૂહનો ભાગ છે.
- હાલમાં ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ મુખબેરને વચગાળાના કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવાયા છે.

### ઈબ્રાહિમ રાઈસી

ઈબ્રાહિમ રાઈસીએ ઈરાનના આઠમા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.

- ઈબ્રાહિમ રાઈસી વર્ષ 2021માં ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા હતા.
- ઈરાનના રાષ્ટ્રપતિ અગાઉ તેમણે ઈરાનના મુખ્ય ન્યાયાધીશ, નાયબ ન્યાયાધીશ, ઈરાનના પ્રોસિક્યુટર જનરલ વગેરે પદ પર સેવા આપી હતી.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં દર વર્ષે 'આતંકવાદ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (B)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (B)

3. ઉત્તરપ્રદેશના અમેઠીના એક કારખાનામાં કઈ Assault Rifleનું પ્રોડક્શન કરવામાં આવી રહ્યું છે ?

(A) AK-101 (B) AK-103 (C) AK-201 (D) AK-203 (D)

4. ભારતમાં કયા દેશના સહયોગથી AK-203 Assault Rifleનું પ્રોડક્શન કરવામાં આવી રહ્યું છે ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) રશિયા (D) ઈઝરાયેલ (C)

5. AK-203 એ રશિયાની કઈ રાઈફલ સીરિઝની સૌથી લેટેસ્ટ રાઈફલ છે ?

(A) Nikonov Assault Rifle (B) Mosin Assault Rifle

(C) Magnym Assault Rifle (D) Kalashnikov Assault Rifle (D)

6. ભારતમાં ઉત્તરપ્રદેશના અમેઠીમાં AK-203 રાઈફલના પ્રોડક્શન માટે ભારત–રશિયા વચ્ચે કયા જોઈન્ટ વેન્ચરની રચના કરવામાં આવી છે ?

(A) Indo - Russia Rifles Pvt Ltd (B) Indo - Russia AK-203 Pvt Ltd

(C) Indo - Russia Assault Pvt Ltd (D) ત્રણમાંથી કોઈ નહિ (A)

7. તાજેતરમાં ઈબ્રાહિમ રાઈસીનું નિધન થયું છે. તેઓ કયા દેશના રાષ્ટ્રપતિ હતા ?

(A) ઈરાક (B) ઈરાન (C) સાઉદી અરેબિયા (D) ઈન્ડોનેશિયા (B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 મે, આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ (International Day for Biological Diversity)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.





- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 20 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ 22 મે, 1992ના રોજ પસાર કરવામાં આવેલા નૌરોબી એક્ટનું પાલન કરવાનું તથા જૈવ વિવિધતા અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ અગાઉ વર્ષ 2010ને જૈવ વિવિધતા વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ "Be Part of the Plan" છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 22 મે ને 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે ઉજવવાની કરવામાં આવેલી જાહેરાત અગાઉ દર વર્ષે 29 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની ઉજવણી કરવામાં આવતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## યુનાઈટેડ નેશન્સ ફોરમ ઓન ફોરેસ્ટ્સ (UNFF)નું 19મું સત્ર

ભારતે 6 થી 10 મે 2024 દરમિયાન ન્યુયોર્કમાં યુએન હેડક્વાર્ટર ખાતે આયોજિત યુનાઈટેડ નેશન્સ ફોરમ ઓન ફોરેસ્ટ્સ (UNFF)ના 19માં સત્રમાં ભાગ લીધો હતો.




- આ સત્ર દરમિયાન ભારતે વન સંરક્ષણ અને ટકાઉ ક્ષેત્રે દેશની નોંધપાત્ર પ્રગતિઓ પર પ્રકાશ પાડ્યો હતો.
- વન વ્યવસ્થાપન જેના કારણે છેલ્લા 15 વર્ષમાં વન આવરણમાં સતત વધારો થયો છે.
- વૈશ્વિક સ્તરે, 2010 અને 2020ની વચ્ચે સરેરાશ વાર્ષિક વન વિસ્તારના ચોખ્ખા લાભમાં ભારત ત્રીજા ક્રમે છે.
- ભારતે ભલામણો અને તકનીકી ઉકેલો દ્વારા વન આગ નિવારણ અને વ્યવસ્થાપન પર ભાર મૂકતી તેની સુધારેલી રાષ્ટ્રીય વન નીતિ રજૂ કરી હતી.
- ઈન્ડોનેશિયાએ તેની ફોરેસ્ટ એન્ડ અધર લેન્ડ યુઝ નેટ સિંક 2030 વ્યૂહરચના રજૂ કરી હતી.
- મલેશિયાએ તેના ઓછામાં ઓછા 50% વિસ્તારને વૃક્ષોના આવરણ હેઠળ રાખવા માટે પ્રતિબદ્ધ વ્યક્ત કર્યો હતો.

## UNFFના 19માં સત્રમાં ભારત સંબંધિત મુખ્ય મુદ્દાઓ

ભારતે એક હજારથી વધુ વન્યજીવ અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો, વાઘ અભયારણ્યો, બાયોસ્ફીયર રિઝર્વ અને અન્ય વન્યજીવોના નિવાસ્થાનોમાં સંરક્ષિત વિસ્તારોનું નેટવર્ક વિસ્તરણ કરીને જૈવવિવિધતા અને વન્યજીવન સંરક્ષણ તરફ દેશ જે ઉચ્ચ અગ્રતા પ્રદાન કરે છે તે શેર કર્યુ હતું.

- પ્રોજેક્ટ ટાઈગરના 50 વર્ષ અને પ્રોજેક્ટ એલિફન્ટના 30 વર્ષ નિમિત્તે તાજેતરની ઉજવણીઓ પ્રજાતિઓના સંરક્ષણ અને નિવાસ્થાન સંરક્ષણ માટે ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.
- ભારતે આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સની રચના પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે સહયોગી આંતરરાષ્ટ્રીય પ્રયાસો દ્વારા વિશ્વભરની સાત મોટી બિલાડીની પ્રજાતિઓનું રક્ષણ અને સંરક્ષણ કરવાના હેતુથી અન્ય એક મહત્ત્વપૂર્ણ પગલું છે.
- ભારતે આબોહવા પગલાની પહેલને મજબૂત કરવા માટે વૃક્ષારોપણ અને ક્ષીણ થઈ ગયેલી જંગલોની જમીનની પુનઃસ્થાપન પ્રોત્સાહન આપવા માટે 'ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ' રજૂ કર્યો હતો.
- 2023માં ભારતે દેહરાદૂન ખાતે UNFF હેઠળ દેશ–આગેવાની પહેલનું આયોજન કર્યુ હતું, જેમાં 40 દેશો અને 20 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

## UNFF વિશે

UNFFનું પૂરૂં નામ 'United Nations Forum on Forests' છે.

- UNFFની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા ઓક્ટોબર, 2000માં કરવામાં આવી હતી.
- UNFFનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ પ્રકારના જંગલોના સંચાલન, સંરક્ષણ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં તેનું મુખ્ય મથક છે.
- ફોરમમાં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોનો સમાવેશ થાય છે અને તે આર્થિક અને સામાજિક પરિષદના અધિકારક્ષેત્ર હેઠળ કાર્ય કરે છે.

## ઈટાલિયન ઓપન 2024

તાજેતરમાં 8 થી 19 મે દરમિયાન ઈટાલીના રોમ ખાતે 'ઈટાલિયન ઓપન 2024'નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં જર્મનીના શ્રી એલેકઝાંડર ઝવેરેવએ મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યું હતું.

- જ્યારે પોલેન્ડના સુશ્રી ઈગા સ્વાઈટેકએ વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યું હતું.
- ઈટાલિયન ઓપન 2024 એ આ ટુર્નામેન્ટની 81મી આવૃત્તિ હતી.

## ઈટાલિયન ઓપન 2024ના વિજેતાઓની યાદી

| ક્રમ | ટાઈટલ | વિજેતા |
|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી એલેકઝાંડર ઝ્વેરેવ |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વાઈટેક |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી માર્સેલ ગ્રેનોલર્સ |
| | | શ્રી હોરાસિઓ ઝેબાલોસ |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી સારા એરાની |
| | | સુશ્રી જાસ્મીન પાઓલિની |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈટાલિયન ઓપન

ઈટાલિયન ઓપન એ એક વ્યવસાયિક ટેનિસ ટુર્નામેન્ટ છે.

- જે આઉટડોર ક્લે કોર્ટ પર રમાય છે.
- આ ટુર્નામેન્ટ ઈટાલીના રોમ ખાતે યોજાય છે.
- તે વિશ્વની સૌથી મહત્વપૂર્ણ ક્લે ટેનિસ ટુર્નામેન્ટમાંની એક છે.
- જે હાલમાં મે ના બીજા સપ્તાહ દરમિયાન યોજાય છે.
- ઈટાલિયન ઓપનને પુરુષોની આવૃત્તિ માટે 'રોમ માસ્ટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સૌથી વધુ શ્રી રાફેલ નડાલે 10 વખત ઈટાલિયન ઓપન મેન્સ સિંગલ્સ ટાઈટલ જીત્યુ છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે **(C)**

2. વર્ષ 2024ની 'આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ'ની થીમ શું છે ?

(A) Biodiversity and Climat Change

(B) Biodiversity, Development and Poverty Reducation

(C) Convention on Biological Diversity

(D) Be Part of the Plan **(D)**

3. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફોરમ એન્ડ ફોરેસ્ટ્સ (UNFF)નું કેટલામું સત્ર યોજાયું હતું ?

(A) 19મું (B) 21મું (C) 23મું (D) 25મું **(A)**

4. 'UNFF' વિશે નીચેના નિવેદન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનું પૂરું નામ 'United Nations Forum on Forest' છે.
2. UNFFની સ્થાપના સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ દ્વારા ઓક્ટોબર, 2000માં કરવામાં આવી હતી.
3. તેનું મુખ્ય મથક જીનિવા ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(C)**

5. ઈટાલિયન ઓપન 2024માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ કોણે જીત્યું છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી ડેનિલ મેડવેડેવ

(C) શ્રી એલેકઝાંડર ઝ્વેરેવ (D) શ્રી નિકોલ મેક્ટિક **(C)**

6. ઈટાલિયન ઓપન 2024માં 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ કોણે જીત્યું છે ?

(A) સુશ્રી ઈગા સ્વાઈટેક (B) સુશ્રી એલેના રેયબકીના

(C) સુશ્રી ઓન્સ જબેઉર (D) સુશ્રી ગ્રેબ્રિએલા ડાબ્રોસિક **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 મે, વિશ્વ કાચબા દિવસ (World Turtle Day)

## 'નાફેડ'ના ચેરમેનની ચૂંટણીમાં શ્રી જેઠાભાઈ ભરવાડ બિનહરિફ

તાજેતરમાં 'નેશનલ એગ્રીકલ્ચર કો ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (NAFED)ના ચેરમેનની ચૂંટણી તાજેતરમાં દિલ્હી ખાતે યોજાઈ હતી.

- જેમાં ગુજરાત વિધાનસભાના ડેપ્યૂટી સ્પીકર શ્રી જેઠાભાઈ ભરવાડ (આહિર) બિનહરીફ ચૂંટાયા હતા.



### NAFED

NAFEDનું પૂરું નામ 'National Agricultural Cooperative Marketing Federation of India' છે.

- NAFEDની સ્થાપના 2 ઓક્ટોબર, 1958ના રોજ સમગ્ર દેશમાં કૃષિ પેદાશો અને વન સંસાધનોના વેપારને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી હતી.
- NAFED એ ભારતમાં કૃષિ પેદાશો માટે માર્કેટિંગ સહકારી સંસ્થાઓનું સર્વોચ્ચ સંગઠન છે.
- તે મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

## ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ 2024

તાજેતરમાં ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ 2024 જેન્ની એર્પેનબેક દ્વારા લખાયેલ અને માઈકલ હોફમેન દ્વારા અનુવાદિત 'કૈરોસ' (Kairos)ને એનાયત કરવામાં આવ્યું હતું.

### આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર

આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર અથવા ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ દર વર્ષે અંગ્રેજીમાં અનુવાદિત અને યુકે અથવા આયર્લેન્ડમાં પ્રકાશિત થયેલા પુસ્તકને આપવામાં આવે છે.


- ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝની શરૂઆત વર્ષ 2005માં મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ તરીકે થઈ હતી.
- તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વભરના આંતરરાષ્ટ્રીય સાહિત્યના વધુ પ્રકાશન અને વાંચનને પ્રોત્સાહિત કરવાનો અને અનુવાદકોના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ વર્ષ 2019 સુધી મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ તરીકે જાણીતો હતો.
- આ પુરસ્કાર અંતર્ગત 50,000 પાઉન્ડ લેખક અને અનુવાદક વચ્ચે વહેંચવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેન બુકર પ્રાઈઝ અને આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ

વાસ્તવમાં બ્રિટનમાં દર વર્ષે બે બુકર પ્રાઈઝ એનાયત થાય છે : (1) મેન બુકર પ્રાઈઝ અને (2) ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ.

- જેમાંથી અંગ્રેજી ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી શ્રેષ્ઠ મૂળ નવલકથાને 'મેન બુકર પ્રાઈઝ'થી સન્માનિત કરવામાં આવે છે. જે મેન ગ્રુપ દ્વારા એનાયત થતો બ્રિટનનો ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતો સાહિત્યિક એવોર્ડ છે.
- જ્યારે અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી નવલકથાને 'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ' (મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ) થી સન્માનિત કરવામાં આવે છે.




## ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ જીતનાર ભારતીયો

| વર્ષ | લેખક | કાર્ય |
|---|---|---|
| 1971 | વી.એસ.નાયપોલ | ઈન અ ફ્રી સ્ટેટ |
| 1981 | સલમાન રૂશ્દી | નાઈટ્સ ચિલ્ડ્રન |
| 1997 | અરૂંધતી રોય | ધ ગોડ ઓફ સ્મોલ થિંગ્સ |
| 2006 | કિરણ દેસાઈ | ધ ઈનહેરિટેંસ લોસ |
| 2008 | અરવિંદ અડિગા | ધ વાઈટ ટાઈગર |
| 2022 | ગીતાંજલી શ્રી | ટોમ્બ ઓફ સેન્ડ |

## શુક્ર ગ્રહ

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ સૂચવ્યું છે કે HCO+ ડિસોસિએટિવ રિકોમ્બિનેશન રિએક્શન (DR) નામની પ્રતિક્રિયા, જે શુક્રની સપાટી ઉપર થાય છે, તે ગ્રહના પાણીના નુકસાન માટે જવાબદાર છે.

- ડિસોસિએટિવ રિકોમ્બિનેશન રિએક્શન (DR) ત્યારે થાય છે જ્યારે HCO+ ઈલેક્ટ્રોન શોષી લે છે અને તે HCO + CO અને હાઈડ્રોજન અણુમાં વિઘટન કરે છે અને પાણી બાષ્પીભવન થયા વિના નષ્ટ થયા બાદ અવકાશમાં ચાલ્યું જાય છે.
- વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે શુક્રનું કઠોર વાતાવરણ $CO_2$ની ગ્રીનહાઉસ અસરને કારણે થાય છે.

### શુક્ર ગ્રહ

તેનું નામ પ્રેમ અને સુંદરતાની રોમન દેવીના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.

- તે સૂર્યની અંતરની દષ્ટિએ બીજો સૌથી મોટો ગ્રહ છે. અને દળ અને કદમાં છઠ્ઠો સૌથી મોટો ગ્રહ છે.
- તેનો આકાર પૃથ્વીના આકારને મળતો આવે છે. આથી, શુક્રને 'પૃથ્વીની જુડવા બહેન'ના નામથી ઓળખવામાં આવે છે.
- શુક્રનું બાહ્ય આવરણ કાર્બન ડાયોક્સાઈડ વાયુનું બનેલું છે. જેથી શુક્ર સૌથી ગરમ રહે છે.
- શુક્રની ચારે તરફ 80 કિ.મીની ઊંચાઈ સુધી સલ્ફ્યુરિક એસિડના વાદળ છવાયેલા રહે છે.
- તે અન્ય ગ્રહો કરતા વિપરીત દિશામાં પરિક્રમણ કરે છે.
- તે સવારના સમયે આકાશમાં પૂર્વ તરફ અને સાંજના સમયે આકાશમાં પશ્ચિમ તરફ જોવા મળે છે.
- તેને 'સવારના તારા' (Morning Star) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શુક્રને એકપણ ઉપગ્રહ નથી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ કાચબા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 મે (B) 22 મે (C) 23 મે (D) 24 મે **(C)**

2. તાજેતરમાં 'નાફેડ' (નેશનલ એગ્રીકલ્ચર કો ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા)ના ચેરમેન તરીકે કોણ બિનહરીફ ચૂંટાયુ છે ?

(A) શ્રી જેઠાભાઈ ભરવાડ (B) શ્રી રાકેશ સિંહ (C) શ્રી પ્રહલાદસિંહ પટેલ (D) શ્રી રાકેશ શુકલ **(A)**

3. 'નેશનલ એગ્રીકલ્ચર કો ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (NAFED) સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. તેની સ્થાપના 2 ઓક્ટોબર, 1958ના રોજ કરવામાં આવી હતી.
2. તે ભારતમાં કૃષિ પેદાશો માટે માર્કેટિંગ સહકારી સંસ્થાઓનું સર્વોચ્ચ સંગઠન છે.
3. તેનું વડુ મથક નૈનિતાલ ખાતે આવેલું છે.
4. તે મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

4. તાજેતરમાં જેન્ની એર્પેનબેકએ માઈકલ હોફમેન સાથે કયા પુસ્તક માટે વર્ષ 2024નું 'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ' જીત્યું છે ?

(A) Kairos (B) A Five Year Sentence
(C) Lolita (D) The Children of Dynmont **(A)**

5. શુક્ર ગ્રહ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પૃથ્વીનો પાડોશી ગ્રહ છે.
2. તેને 'પૃથ્વીની જુડવા બહેન'ના નામથી પણ ઓળખવામાં આવે છે.
3. તે અન્ય ગ્રહો કરતા વિપરીત દિશામાં પરિક્રમણ કરે છે.
4. તેને 3 ઉપગ્રહ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સર્વાઈકલ કેન્સર (Cervical Cancer)

સર્વાઈકલ અથવા સર્વિકલ કેન્સરના કેસો ઘટાડવાના પ્રયાસરૂપે સરકારો હાલમાં ઘણા અભિયાનો ચલાવી રહ્યા છે.

- આ ઉપરાંત થોડા સમય પહેલા કોલંબિયાના કાર્ટાજેના ડી ઈન્ડિયામાં પ્રથમ ગ્લોબલ સર્વાઈકલ કેન્સર એલિમિનેશન ફોરમ (GCF)એ વિશ્વ બેંક, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અને યુનિસેફ પાસેથી લગભગ 600 મિલિયન અમેરિકન ડોલરનું ભંડોળ મેળવ્યું છે.
- આ ભંડોળનો ઉપયોગ સર્વાઈકલ કેન્સર માટે રસીકરણ, પરીક્ષણ અને સારવાર માટે વૈશ્વિક એક્સેસને વિસ્તૃત કરવા માટે કરવામાં આવશે.

### સર્વાઈકલ કેન્સર એટલે શું ?

સર્વાઈકલ કેન્સર ત્યારે થાય છે જ્યારે સર્વિક્સ પરના અસામાન્ય કોષો નિયંત્રણ બહાર વધે છે.

- ગર્ભાશયના નીચેના ભાગને સર્વિક્સ કહેવામાં આવે છે અને તે યોનિમાર્ગમાં ખુલે છે.

### HPV

સર્વાઈકલ કેન્સરના લગભગ તમામ કેસો (99%) ઉચ્ચ જોખમ ધરાવતા હ્યુમન પેપિલોમાવાયરસ (HPV)ના ચેપ સાથે જોડાયેલો છે, જે જાતિય સંપર્ક દ્વારા પ્રસારિત થતો અત્યંત સામાન્ય વાયરસ છે.

**નોંધ :** (1) સર્વાઈકલ કેન્સરને વૈશ્વિક સ્તરે મહિલાઓમાં ચોથા સૌથી વધુ પ્રચલિત કેન્સર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

(2) જ્યારે નિદાન થાય છે, ત્યારે સર્વાઈકલ કેન્સર એ કેન્સરના સૌથી સફળતાપૂર્વક સારવારપાત્ર સ્વરૂપો પૈકીનું એક છે, જ્યાં સુધી તે વહેલાસર શોધી કાઢવામાં આવે અને અસરકારક રીતે સંચાલિત થાય.

## હમાસના નેતાઓ અને ઈઝરાયેલના વડાપ્રધાન સામે ધરપકડનો વોરંટ

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)ના પ્રોસિક્યુટરે હમાસના નેતાઓ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સામે 7 ઓક્ટોબર, 2023ના રોજ ઈઝરાયેલ પરના હુમલા અને પેલેસ્ટાઈનમાં તેના પછીના યુદ્ધ વિશે ધરપકડ વોરંટની વિનંતી કરી હતી.

- આ અગાઉ વર્ષ 2023માં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) એ રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન અને અન્ય રશિયન અધિકારી માટે યુદ્ધ અપરાધો માટે ધરપકડ વોરંટ જારી કર્યુ હતું.

## ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)

વધુ ન્યાયપૂર્ણ વિશ્વ બનાવવાની દિશામાં 120 દેશો દ્વારા 17 જુલાઈ, 1998ના રોજ 'રોમન કાનૂન' અપનાવવામાં આવ્યું હતું.

- રોમન કાનૂન 1 જુલાઈ, 2002ના રોજ અમલમાં આવ્યો હતો. 60 દેશો દ્વારા બહાલી આપ્યા બાદ સત્તાવાર રીતે 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ' (ICC)ની સ્થાપના કરવામાં આવી હતી.
- તે પૂર્વવર્તી અધિકારક્ષેત્ર ધરાવતું ન હોવાથી, ICC આ તારીખે અથવા તે પછીના ગુનાઓની તપાસ કરવા માટે સક્ષમ છે.
- રોમ કાનૂન ચાર મુખ્ય ગુનાઓ પર ICCને અધિકાર ક્ષેત્ર આપે છે :
  (1) નરસંહારનો ગુનો
  (2) માનવતા વિરુદ્ધ ગુનાઓ
  (3) યુદ્ધ અપરાધો
  (4) આક્રમકતાનો ગુનો
- કોર્ટ અરાજકતાને સમાપ્ત કરવા માટેની વૈશ્વિક લડાઈમાં ભાગ લઈ રહી છે અને આંતરરાષ્ટ્રીય ફોજદારી ન્યાય દ્વારા તેમના ગુનાઓ માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા અને ભવિષ્યમાં સમાન ગુનાઓ બનતા અટકાવવામાં મદદ કરે છે.
- હાલમાં રોમ કાનૂનના પક્ષકારોની સંખ્યા 123 છે, જોકે ભારત, યુએસ અને ચીન જેવા દેશો રોમ કાનૂનના પક્ષકારો નથી.
- ICCનું કાર્યાલય નેધરલેન્ડના હેગમાં આવેલું છે. આ ઉપરાંત તેની 6 પ્રાદેશિક કચેરીઓ પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC અને ICJ વચ્ચેનો તફાવત

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ દેશ અને આંતર–રાજ્ય વિવાદો સાથે વ્યવહાર કરે છે, જ્યારે ICC વ્યક્તિઓ પર કાર્યવાહી કરે છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસથી વિપરીત ICC એ સંયુક્ત રાષ્ટ્રની પ્રણાલીનો ભાગ નથી, પરંતુ UN-ICC સંબંધો અલગ કરાર દ્વારા સંચાલિત થાય છે.
- જ્યારે ICJ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગમાંનું એક છે.

## ICJ શું છે ?

ICJનું પૂરું નામ 'International Court of Justice' છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસને ટૂંકમાં ICJ અથવા તો વિશ્વ અદાલત તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ICJ એ સંયુક્ત રાષ્ટ્રની પ્રાથમિક ન્યાયિક શાખા છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેની સ્થાપના 1945માં થઈ હતી.
- આ અદાલતનું કાર્યાલય 'શાંતિ મહેલ' (Peace Palace) તરીકે ઓળખાય છે.
- જે નેધરલેન્ડના હેગ ખાતે આવેલું છે.
- ICJમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને સુરક્ષા પરિષદ દ્વારા નવ વર્ષની મુદત માટે ચૂંટાયેલા 15 ન્યાયાધીશોની પેનલનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RBI કેન્દ્ર સરકારને રૂ.2.11 લાખ કરોડનું ડિવિડન્ડ ચૂકવશે




ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ નાણાકીય વર્ષ 2023-24 માટે રૂપિયા 2.11 લાખ કરોડના ડિવિડન્ડની ચૂકવણીને મંજૂરી આપી છે.

- નાણાકીય વર્ષ 2022-23માં તે 87,416 કરોડ રૂપિયા હતી.
- મુંબઈમાં RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની 608મી બેઠક દરમિયાન એક સત્તાવાર નિવેદનમાં આ જાણકારી આપી હતી.
- દર વર્ષે RBI રોકાણોમાંથી વધારાની આવક, ડોલર રિઝર્વના મૂલ્યાંકનમાં વધઘટ અને ચલણ પ્રિન્ટિંગ ફીમાંથી મળેલા ભંડોળ દ્વારા કેન્દ્ર સરકારને ચોક્કસ ફંડ ટ્રાન્સફર કરે છે.

## RBIના આવકના સ્ત્રોતો

(a) સરકારી સિક્યોરિટીઝમાંથી વ્યાજ

(b) ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO)

(c) વિદેશી વિનિમય કામગીરી

(d) લોન અને એડવાન્સ પર વ્યાજ

(e) લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)માંથી થતી આવક

## RBIનો ખર્ચ

(a) ચલણી નોટોના ઉત્પાદન અને પુરવઠામાં થયેલ ખર્ચ

(b) થાપણો અને ઉધાર પર ચૂકવેલ વ્યાજ

(c) RBI સ્ટાફ માટે વળતર અને નિવૃત્તિ લાભો

(d) RBIની ઓફિસો અને શાખાઓ ચલાવવાનો ખર્ચ

(e) અણધાર્યા ખર્ચ અને સંપત્તિના અવમૂલ્યનને આવરી લેવા માટે ભંડોળ અલગ રાખવામાં આવે છે.

## કાનૂની માળખુ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, 1934ની કલમ 47 મુજબ RBI તેની સરપ્લસ, જે ખર્ચ કરતા વધુ આવક છે તે સરકારને ટ્રાન્સફર કરે છે.

- સરપ્લસ ગણતરી બિમલ જાલાન સમિતિ દ્વારા ભલામણ કરાયેલ ઈકોનોમિક કેપિટલ ફ્રેમવર્ક (ECF) પર આધારિત હતી, જેણે RBIને તેની બેલેન્સ શીટના 5.5% અને 6.5%ની વચ્ચે આકસ્મિક જોખમ બફર (CRB) જાળવી રાખવાની સલાહ આપી હતી.
- આ જોખમની જોગવાઈ મુખ્યત્વે ઉપાર્જિત આવકમાંથી કરવામાં આવે છે અને તે પછી જ વધારાની આવક ડિવિડન્ડના રૂપમાં સરકારને ટ્રાન્સફર કરવામાં આવે છે.

## RBI

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તે ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

- રિઝર્વ બેંક ભારતીય રૂપિયાના ઈશ્યૂ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- રિઝર્વ બેંકની સ્થાપના 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત કરવામાં આવી હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી.
- RBIનું વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે.
- RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.
- RBIના વર્તમાન ગવર્નર શ્રી શક્તિકાંત દાસ છે. (મે, 2024ની સ્થિતિએ)

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'સર્વાઈકલ કેન્સર' વારંવાર સમાચારમાં જોવા મળે છે, તે નીચેના પૈકી કયા અંગ સાથે સંબંધિત છે ?

(A) ગર્ભાશય (B) મગજ (C) સ્તન (D) બ્લડ

(A)

2. તાજેતરમાં 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ' (ICC) ચર્ચામાં હતું, તેનું કાર્યાલય કયાં આવેલું છે ?

(A) પેરિસ, ફ્રાન્સ (B) ન્યુયોર્ક, અમેરિકા

(C) હેગ, નેધરલેન્ડ (D) દુબઈ, યુ.એ.ઈ.

(C)

3. ભારતીય રિઝર્વ બેંક (RBI)એ તાજેતરમાં કેન્દ્ર સરકારને કેટલું ડિવિડન્ડ ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે ?

(A) 1.11 લાખ કરોડ (B) 2.11 લાખ કરોડ

(C) 3.11 લાખ કરોડ (D) 4.11 લાખ કરોડ

(B)

4. ભારતીય રિઝર્વ બેંક (RBI) સંબંધિત નીચેના નિવેદનો ધ્યાને લો :

1. તે ભારતની સેન્ટ્રલ બેંક છે અને ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

2. તેની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.

3. વર્તમાન તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

ઉપરોક્ત પૈકી કયું નિવેદન ખોટુ છે ?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) ફક્ત 3 (D) ઉપરોક્ત તમામ સાચા છે

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 મે, (1) વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day)
## (2) ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### વિશ્વ થાઈરોઈડ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 મે ના રોજ 'વિશ્વ થાઈરોઈડ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ થાઈરોઈડ રોગ અને તેના ઉપચાર અંગે જાગૃતિ લાવવાનો છે.
- નોંધનીય છે કે થાઈરોઈડ ગ્રંથી શરીરની સૌથી મોટી અંતઃસ્ત્રાવી ગ્રંથી છે.
- થાઈરોઈડ ગ્રંથી ફ્રીખંડી અને શ્વાસનળીની બંને બાજુએ ઉપરની તરફ આવેલી છે. બંને ખંડો સાંકળા સંયોજક પેશીના પટ્ટાથી જોડાયેલા છે જેને સેતુ (Isthmus) કહે છે.
- થાઈરોઈડ ગ્રંથી ત્રણ અંતઃસ્ત્રાવોનો સ્ત્રાવ કરે છે : થાઈરોઈડ (Tu), ટ્રાયઆયોડોથાઈરોનીન ($T_3$), થારઈરોકેલ્સિટોનીન.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આયર્લેન્ડ, નોર્વે અને સ્પેન પેલેસ્ટાઈનને માન્યતા આપશે

તાજેતરના સમાચારોના અહેવાલોમાં જણાવ્યા અનુસાર સ્પેન, આયર્લેન્ડ અને નોર્વે 28 મેના રોજ પેલેસ્ટાઈનને ઔપચારિક રીતે રાજ્ય (રાષ્ટ્ર) જાહેર કરવાની યોજના બનાવી રહ્યા છે.



- આ યોજનાથી નારાજ ઈઝરાયેલ આ યુરોપિયન દેશોમાંથી પોતાના રાજદૂતોને પાછા બોલાવવાની જાહેરાત કરી છે.
- તાજેતરની યુ.એન જનરલ એસેમ્બલીમાં યુ.એનના 193 સભ્ય દેશોમાંથી 143એ પેલેસ્ટાઈનને સંપૂર્ણ સભ્યપદ આપવાની તરફેણમાં મતદાન કર્યુ હતું.
- ઈઝરાયેલના વિદેશમંત્રીએ જણાવ્યું છે કે આ નિર્ણય ઈઝરાયેલના સાર્વભૌમત્વ અને સુરક્ષાને નુકસાન પહોંચાડનારું પગલું છે.

## ભારતમાં 4000થી વધુ ગંગા ડોલ્ફિન

વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર ગંગા નદીની બેસિનમાં હવે 4000થી વધુ ગંગા ડોલ્ફિન છે.

- તેમાંથી 2000થી વધુ ડોલ્ફિન ઉત્તરપ્રદેશમાં છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યત્વે ચંબલ નદીમાં જોવા મળે છે.
- આ વધારો સૂચવે છે કે નદીનું પ્રદૂષણ સ્તર ઘટી રહ્યું છે અને સરકારના સંરક્ષણ પ્રયાસો અસરકારક સાબિત થઈ રહ્યા છે.
- ઉત્તરપ્રદેશ સરકારે ચંબલમાં ડોલ્ફિન અભયારણ્ય જાહેર કર્યુ છે, જ્યાં 111 ડોલ્ફિન નોંધાઈ છે.
- નમામી ગંગા પહેલનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં ડોલ્ફિનની વસતીને સ્થિર અને બમણી કરવાનો, પ્રદૂષણ નિયંત્રણ, વેટલેન્ડ સંરક્ષણ અને જનભાગીદારીને એકીકૃત કરવાનો છે.
- ગંગા ડોલ્ફિન વિશ્વમાં જોવા મળતી કેટલીક નદી ડોલ્ફિનોમાંની એક છે.
- તે નેપાળ, ભારત અને બાંગ્લાદેશની ગંગા–બ્રહ્મપુત્રા–મેઘના અને કર્ણફૂલી–સાંગુ નદી પ્રણાલીઓમાં વસે છે.
- ગંગા ડોલ્ફિનને બ્લાઈન્ડ ડોલ્ફિન, ગંગા સુસુ, હિહુ, સ્વાઈડ–સ્વિમિંગ ડોલ્ફિન અને સાઉથ એશિયન રિવર ડોલ્ફિન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- નોંધનીય છે કે ગંગા ડોલ્ફિનને ભારતના રાષ્ટ્રીય જળચર પ્રાણી તરીકે માન્યતા આપવામાં આવી છે.

**નોંધ :** (1) તેની આંખોમાં લેન્સનો અભાવ છે અને પરિણામે આ પ્રજાતિને 'અંધ ડોલ્ફિન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) સસ્તન પ્રાણી હોવાને કારણે ગંગા નદીની ડોલ્ફિન પાણીમાં શ્વાસ લઈ શકતી નથી અને સપાટી પર શ્વાસ લેતી વખતે તે જે અવાજ ઉત્પન્ન કરે છે તેના કારણે તેને 'સુસ' તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ થાઈરોઈડ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'ગુમ થયેલા બાળકો માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે **(C)**

3. તાજેતરમાં નીચેના પૈકી કયા ત્રણ દેશએ પેલેસ્ટાઈનને રાષ્ટ્ર જાહેર કરવા અંગે માન્યતા આપવાની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) આયર્લેન્ડ, નોર્વે, સ્પેન (B) અમેરિકા, સ્પેન, જાપાન

(C) બ્રિટન, અમેરિકા, જાપાન (D) રશિયા, અમેરિકા, બ્રિટન **(A)**

4. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં સૌથી વધુ ગંગા ડોલ્ફિન કયા રાજ્યમાં છે ?

(A) ઉત્તરાખંડ (B) ઉત્તરપ્રદેશ (C) બિહાર (D) મધ્યપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સંસ્કૃત યુનિવર્સિટી સાથે MoU કર્યા**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય અને સંશોધનને વેગ મળે તે હેતુસર વેરાવળની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે કરાર કરવામાં આવ્યા છે. જેમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભારતીય જ્ઞાન પરંપરા પર ભાર મુકવામાં આવ્યો છે. આ કરારથી બંને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને અનેક ફાયદાઓ થશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિવિધ એકેડેમિક અને સંશોધનને લગતી બાબતોના સંદર્ભમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે MoU કરવામાં આવ્યા છે. આ MoU સ્ટુડન્ટ અને સ્ટાફના એક્સચેન્જ, સંસ્કૃત ગ્રંથોનું ભાષાંતર લેક્ચર સિરીઝ, રિસર્ચ, જોઈન્ટ પબ્લિકેશન સેમિનાર વગેરે માટે કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

➤ **અંબાજી વ્હાઈટ માર્બલને GI ટેગ**



ગુજરાતના અંબાજીમાં માર્બલની ખાણકામને તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભૌગોલિક સંકેત અથવા GI ટેગથી નવાજવામાં આવ્યા છે. જેને અંબાજી વ્હાઈટ માર્બલ તરીકે ઓળખવામાં આવે છે. અંબાજી વ્હાઈટ માર્બલ એક પ્રકારનો આરસ છે, જે તેના અદભૂત સફેદ દેખાવ અને અનન્ય કુદરતી પેટર્ન માટે જાણીતો છે. આ માર્બલનું નામ ગુજરાત રાજ્યના અંબાજી શહેર પરથી રાખવામાં આવ્યું છે. તે તેના નૈસર્ગિક સફેદ રંગ દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે ઘણીવાર સૂક્ષ્મ રાખોડી અથવા ન રંગેલું કાપડ વેઈનિંગ ધરાવે છે. તે ખૂબ જ લાંબા સમય સુધી ચમકવા અને ટકાઉપણુ ધરાવે છે. આ માર્બલ ટકાઉ અને લાંબો સમય સુધી ચાલે છે. તેની સપાટી સરળ, પોલીશ્ડ હોય છે, જે વૈભવી આર્કિટેક્ચરલ પ્રોજેક્ટ્સ, શિલ્પો અને સ્મારકો માટે લોકપ્રિય બનાવે છે.

## ભારત

➤ **સુપ્રીમ કોર્ટ ગ્રાહક અદાલતના 1995ના આદેશની સમીક્ષા કરશે.**



સુપ્રીમ કોર્ટે ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ વકીલોની જવાબદારી અંગેના તેના તાજેતરના ચુકાદામાં કહ્યું છે કે તે તબીબી વ્યાવસાયિકોના સંદર્ભમાં 1995ના ચુકાદા પર પુનઃવિચાર કરશે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ વકીલો જવાબદાર નથી જે તબીબી વ્યાવસાયિકો અંગેના 1995ના નિર્ણયનો વિરોધાભાસ કરે છે. 1995માં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વિ. વી.પી. શાંતાના કેસમાં સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો હતો કે તબીબી વ્યાવસાયિકો ગ્રાહક સુરક્ષા કાયદામાં વ્યાખ્યાયિત મુજબ 'સેવા' પ્રદાન કરે છે. અને ખામીયુક્ત સેવા પ્રદાન કરવા માટે ગ્રાહક અદાલતમાં દાવો દાખલ કરી શકાય છે. 1995ના ચુકાદાને હવે વકીલો અંગેના તાજેતરના ચુકાદા પર પુનઃવિચાર માટે મોટી બેંચને મોકલવામાં આવ્યો છે.

➤ **કેન્સરની દવાઓ ટિસ્લેલિઝુમાબ અને ઝનુબ્રુટિનિબ**




ભારતને ટિસ્લેલિઝુમાબ અને ઝનુબ્રુટિનિબ નામની બે નવી કેન્સરની દવાઓ મળવા જઈ રહી છે. ટિસ્લેલિઝુમાબ નવી ઈમ્યુનોથેરાપી દવા, અદ્યતન અન્નનળી સ્કવામસ સેલ કાર્સિનોમા (કેન્સર જે અન્નનળીની અંદરના પાતળા, સપાટ કોષોમાં રચાય છે)ની સારવારમાં અસરકારકતા દર્શાવે છે. ઝનુબ્રુટિનિબ દવા બ્રુટોન ટાયરોસિન કિનાઝ (BTK) નામના પ્રોટીનનું નિયમન કરે છે, જે કેટલાક કેન્સરગ્રસ્ત રક્ત કોશિકાઓના વિકાસ અને અસ્તિત્વ માટે જરૂરી છે. તેને ચોક્કસ પ્રકારના બ્લડ કેન્સરની સારવાર માટે મંજૂરી આપવામાં આવી છે.

➤ **ઊજાની ડેમ**



તાજેતરમાં મહારાષ્ટ્રમાં પુણે જિલ્લાના ઊજાની ડેમના બેકવોટરમાં બોટ પલટી જતા બે બાળકો સહિત છ ડૂબી ગયા હતા. તે મહારાષ્ટ્ર રાજ્યના સોલાપુર જિલ્લામાં ઉજની ગામ નજીક ભીમા નદી પર સ્થિત છે. તે 1977 અને 1980ની વચ્ચે પ્રદેશને સિંચાઈનું પાણી અને જળવિદ્યુત શક્તિ પ્રદાન કરવાના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે બાંધવામાં આવ્યું હતું. 2,534 મીટરની કુલ લંબાઈ સાથે ઊજાની ડેમ વિશાળ બેસાલ્ટિક ખડકોની રચનાઓ પર સ્થપાયેલો છે. ભીમા નદીને ચંદ્રબાધા નદી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે કૃષ્ણા નદીની મુખ્ય ઉપનદી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **ટોક્યો અટાકામા વેધશાળા**



તાજેતરમાં યુનિવર્સિટી ઓફ ટોક્યોની અટાકામા ઓબ્ઝર્વેટરી (TAO)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. તે હવે વિશ્વની સૌથી ઊંચી ખગોળશાસ્ત્રીય વેધશાળા છે. (18,500 ફૂટની ઊંચાઈ), તે પ્રખ્યાત એટાકામા લાર્જ મિલિમીટર એરે (ALMA)ને પણ વટાવી ગઈ છે, જે 16,570 ફૂટની ઊંચાઈએ છે. TAO ટેલિસ્કોપ 6.5 મીટર ઓપ્ટિકલ–ઈન્ફ્રારેડ ક્ષમતા સાથે ચિલિના એટાકામ રણમાં માઉન્ટ ચજનન્તોર પર 18,500 ફૂટની ઊંચાઈએ સ્થિત છે. ચજનન્તોર એટાકામા રણની નજીક એન્ડીસ પર્વતોમાં સ્થિત છે. આ રણ તેની ઊંચાઈ, ઓછો ભેજ અને સ્વચ્છ આકાશને કારણે ખગોળશાસ્ત્રીય અવલોકનો માટે પૃથ્વી પરનું શ્રેષ્ઠ સ્થાન છે, જે બ્રહ્માંડના અભ્યાસ માટે ઉત્તમ પરિસ્થિતિઓ પ્રદાન કરે છે.

➤ **બોઈંગના સ્ટારલાઈનરનું લોન્ચિંગ અને સુનિતા વિલિયમ્સ**




અવકાશયાત્રી સુશ્રી સુનિતા વિલિયમ્સને ત્રીજી વખત અવકાશમાં લઈ જનાર બોઈંગ સ્ટારલાઈનરનું લોન્ચિંગ ટેક્નિકલ ખામીને કારણે મોકૂફ રાખવામાં આવ્યું છે. સ્ટારલાઈનર એ આંશિક રીતે ફરીથી વાપરી શકાય તેવું ક્રૂ કેપ્સ્યુલ છે, જેને સત્તાવાર રીતે CST-100 (ક્રૂ સ્પેસ ટ્રાન્સપોર્ટેશન) તરીકે ઓળખવામાં આવે છે. તે બે મોડ્યુલો ધરાવે છે, એક ક્રૂ મોડ્યુલ છે, જેનો છ મહિનાના ટર્નઅરાઉન્ડ સાથે 10 વખત સુધી ફરીથી ઉપયોગ કરી શકાય છે. બીજું સર્વિસ મોડ્યુલ છે–અવકાશયાનનું પાવરહાઉસ, જે અવકાશમાં વીજળી, પ્રોપલ્શન, થર્મલ કંટ્રોલ, હવા અને પાણી પૂરું પાડે છે. આ મોડ્યુલ વિસ્તૃત કરી શકાય તેવું છે. જો મિશન સફળ થાય છે, તો બોઈંગ એલોન મસ્કના સ્પેસએક્સની સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સુધી અને ત્યાંથી NASA ક્રૂ ટ્રાન્સપોર્ટ પ્રદાન કરવામાં સમર્થ થનારી બીજી ખાનગી કંપની બનશે. મિશનનો ઉદ્દેશ્ય એ જોવાનો છે કે સ્ટારલાઈનર ઓનબોર્ડ ક્રૂ સાથે અવકાશમાં કેવું પ્રદર્શન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા દેશને મહિલા વિશ્વ કપ 2027નું યજમાન જાહેર કરવામાં આવ્યું હતું ? – બ્રાઝિલ

2. 2025 સુધીમાં ત્રિપુરાનું પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ કયા સ્થળે તૈયાર થવાનું છે ? – નરસિંહ ગઢ

3. 'ડાયસન સ્ફિયર' તાજેતરમાં ચર્ચામાં હતું, તે શું છે ?

– તારાની ઊર્જાનો ઉપયોગ કરવા માટે એક અનુમાનિત એન્જિનિયરિંગ પ્રોજેક્ટ

4. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયે આસામ સરકાર સાથે ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં તાજેતરના ફેરફારોની ચર્ચા કરવા માટે 18-19 મે, 2024ના રોજ _____ માં 'ઈન્ડિયાઝ પ્રોગ્રેસિવ પાથ ઈન ધ એડમિનિસ્ટ્રેશન ઓફ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ' શિર્ષકવાળી કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું. – ગુવાહાટી

5. તાજેતરમાં વિલિયમ લાઈ ચિંગ કયા દેશના નવા રાષ્ટ્રપતિ બન્યા છે ? – તાઈવાન

6. તાજેતરમાં ઈલોરડા કપ 2024માં ગોલ્ડ મેડલ જીતનાર નિખિત ઝરીન કઈ રમત સાથે સંબંધિત છે ? – બોક્સિંગ

7. પુરાતત્વવિદોએ તાજેતરમાં કર્ણાટકના કયા શહેરમાં રોક કલાના પ્રથમ પુરાવા શોધી કાઢ્યા હતા ? – મેંગ્લુરુ

8. અમેરિકાએ તાજેતરમાં કયા સ્થળે સબક્રિટિકલ ન્યુક્લિયરનું પરીક્ષણ કર્યુ હતું ? – નેવાડા

9. તાજેતરમાં કયા ભારતીયે પ્રથમ ભારતીય અવકાશ પ્રવાસી બનીને ઈતિહાસ રચ્યો છે ? – ગોપી થોટાકુરા

10. તાજેતરમાં સમાચારમાં રહેલ 'R21/Matrix-M' રસી કયા રોગની રોકથામ માટે વિકસાવવામાં આવી છે ?

– મેલેરિયા

11. કર્ણાટક સરકારે કેટલા ટકા સરકારી કોન્ટ્રાક્ટ નોકરીઓ મહિલાઓ માટે અનામત રાખી છે ? – 33%

12. તાજેતરમાં વિયેતનામના રાષ્ટ્રપતિ તરીકે કોને ચૂંટવામાં આવ્યા હતા ? – જનરલ ટુ લેમ

13. તેલંગાણામાં તાજેતરમાં લોન્ચ કરાયેલો શેલો એક્વિફર મેનેજમેન્ટ મોડલ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની કઈ યોજનાનો ભાગ છે ? – AMRUT (કાયાકલ્પ અને શહેરી પરિવર્તન માટે અટલ મિશન)

14. તાજેતરમાં પ્રથમ એશિયન રિલે ચેમ્પિયનશિપ 2024 કયાં યોજાઈ હતી ? – બેંગકોક, થાઈલેન્ડ

15. _____ દેશ તેના 99માં સભ્ય તરીકે ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)માં જોડાયું છે. – સ્પેન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS :
## સાંસ્કૃતિક વારસો

1. ગુજરાતી ભવાઈ પરંપરાનું સામાજિક–સાંસ્કૃતિક મૂલ્ય દર્શાવો.
2. દક્ષિણ ભારતમાં પ્રાદેશિક ભાષાઓમાં બનતી ફિલ્મોનો વ્યાપ ગુજરાતી ભાષામાં બનતી ફિલ્મોની સરખામણીમાં મોટો છે. હાલમાં બનતી ગુજરાતી ફિલ્મોના સંદર્ભમાં તેની ચર્ચા કરો.
3. કચ્છ–કાઠિયાવાડનું કટાવકામ લોકજીવનમાંથી ઉદ્ભવેલી એક સુંદર કલા–પરંપરા છે. – ચર્ચા કરો
4. ભારતના કોઈપણ બે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સ્થળોની વિશેષતાઓ સમજાવો.
5. ભારતીય લોકનૃત્ય કલા અને આરધનાનું એક સંપૂર્ણ સંયોજન છે – ચર્ચા કરો
6. સાંસ્કૃતિક વારસો જાળવવામાં અને રાષ્ટ્રીય એકતા વધારવામાં શાસ્ત્રીય ભારતીય સંગીતની ભૂમિકાની ચર્ચા કરો તથા સમાજ પર તેના પ્રભાવના ઉદાહરણ આપો.
7. ભારતીય કલા વિરાસતની રક્ષા કરવી એ મહત્ત્વની જરૂરિયાત છે. – ચર્ચા કરો
8. ચોલ યુગના મંદિરોના બાંધકામ અને શૈલી વિશે નોંધ લખો.
9. ગુજરાતી સંસ્કૃતિને આગવી ઓળખ આપવા માટે ગુજરાતના સંતો, લોકસેવકો અને અન્ય વિદ્વાનોનો ફાળો જણાવો.
10. ગુજરાતના આદિવાસી સમુદાયના પહેરવેશની વિવિધતાઓ વિશે ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવશે.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT